આકાશવાણી, અમદાવાદ

13-06-2025 Midday: 2.30 to 2.35 pm

Friday Regional News

## PM – GUJARAT VISIT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ વિમાન દુર્ઘટનામાં અસરગ્રસ્ત લોકો પ્રત્યે સંવેદના વ્યક્ત કરી છે. શ્રી મોદીએ આજે સવારે અમદાવાદ સિવિલ હોસ્પિટલની મુલાકાત લીધી અને એર ઇન્ડિયા વિમાન દુર્ઘટનામાં ઘાયલ થયેલા લોકોને મળ્યા હતા. બાદમાં, સોશિયલ મીડિયા પોસ્ટમાં, પ્રધાનમંત્રીએ કહ્યું કે, અમદાવાદમાં થયેલી હવાઈ દુર્ઘટનાથી દેશ ખૂબ જ દુ:ખી છે. અચાનક જ હૃદયદ્રાવક થયેલા અકસ્માતમાં આટલા બધા લોકોનાં મોત અંગે તેમણે શોકગ્રસ્ત પરિવારો પ્રત્યે સંવેદના વ્યક્ત કરી. શ્રી મોદીએ કહ્યું કે, સરકાર તેમનું દુ:ખ સમજે છે.

પ્રધાનમંત્રીએ એર ઇન્ડિયા વિમાન દુર્ઘટનાના ઈજાગ્રસ્તોની પણ મુલાકાત લીધી હતી અને તેમના ખબર અંતર પૂછ્યા હતા. અકસ્માતમાં બચી ગયેલા એકમાત્ર મુસાફર અને ભારતીય મૂળના બ્રિટિશ નાગરિક વિશ્વાસકુમાર રમેશને પણ પ્રધાનમંત્રી મળ્યા, તે હાલમાં સિવિલ હોસ્પિટલમાં સારવાર લઈ રહ્યા છે. શ્રી રમેશે તેમના આબાદ બચાવ અંગેના અનુભવ અંગે વાત કરી હતી.

(S/B વિશ્વાસકુમાર રમેશ)

શ્રી મોદીએ વિમાન દુર્ઘટના સ્થળની પણ મુલાકાત લીધી અને કહ્યું કે વિનાશનું દ્રશ્ય હૃદયદ્રાવક છે. એક સોશિયલ મીડિયા પોસ્ટમાં, પ્રધાનમંત્રીએ કહ્યું કે, તેઓ અધિકારીઓ અને વિવિધ રાહત અને બચાવ ટીમને મળ્યા. તેઓ અથાક મહેનત કરી રહ્યા છે.

## PM – GUJARAT VISIT

શ્રી મોદીએ કહ્યું કે, આ અકલ્પનીય દુર્ઘટનામાં પોતાના પ્રિયજનો ગુમાવનારાઓ પ્રત્યે હું સંવેદના વ્યક્ત કરું છું અને ઈશ્વર આ આઘાત સહન કરવાની શક્તિ આપે તે માટે પ્રાર્થના કરું છું.

બાદમાં, શ્રી મોદીએ અમદાવાદમાં અધિકારીઓ સાથે સમીક્ષા બેઠક યોજી હતી. ગુજરાતના ભૂતપૂર્વ મુખ્યમંત્રી સદગત શ્રી વિજય રૂપાણીના પરિવારના સભ્યોને પણ તેઓ મળ્યા હતા અને આ દુખદ દુર્ઘટના અંગે સાંત્વના પાઠવી હતી. ઉલ્લેખનીય છે કે સદગત શ્રી વિજય રૂપાણીના પત્ની અંજલિબેન આ સમાચાર મળતાં જ લંડનથી અમદાવાદ આવી પહોંચ્યા છે અને સદગતના પુત્ર પણ અમદાવાદ આવવા નીકળી ગયા છે.

અમારા સંવાદદાતાના અપર્ણા ખૂંટના અહેવાલ મુજબ વિમાન દુર્ઘટનામાંથી ઓળખાયેલા મૃતદેહોને પોસ્ટમોર્ટમ પછી સંબંધીઓને સોંપવામાં આવી રહ્યા છે. અત્યાર સુધીમાં છ મૃતદેહો પરિવારના સભ્યોને સોંપવામાં આવ્યા છે.

*(આ ઘટનાની તપાસ ચાલી રહી છે. સુરક્ષા એજન્સીઓ ઘટના સ્થળે શોધ અભિયાનમાં જોડાયા છે. ગુજરાત ATS ટીમને ઘટના સ્થળેથી ડિજિટલ વિડીયો રેકોર્ડર મળ્યાના સમાચાર છે. ફોરેન્સિક નિષ્ણાતોની એક ટીમ થોડા સમયમાં સ્થળ પર પહોંચશે. એર લાઈન્સ દ્વારા બ્લેક બોક્સ મળવાની કોઈ સત્તાવાર પુષ્ટિ કરવામાં આવી નથી. તેથી, આ ઘટનાનું કારણ હજુ સુધી જાણી શકાયું નથી. ગઈકાલના અકસ્માત પછી, તે વિસ્તારમાં રહેતા ઘણા સ્થાનિક લોકો પણ ગુમ છે, જેમની શોધ પણ ચાલુ છે.*
*દરમિયાન, થોડા સમય પહેલા ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીએ , ભૂતપૂર્વ સાંસદ પ્રફુલ્લ પટેલ, મંત્રી જગદીશ વિશ્વકર્મા બળવંતસિંહ રાજપૂત, રાજ્ય પોલીસ વડા વિકાસ સહાય અને અન્ય વરિષ્ઠ પોલીસ અધિકારીઓ અને ડોક્ટરો સાથે સિવિલ હોસ્પિટલમાં બેઠક કરી છે. એવું કહેવામાં આવી રહ્યું છે કે જે પરિવારોના DNA નમૂના લેવામાં આવ્યા છે અને જેમના નમૂના હજુ સુધી લેવામાં આવ્યા નથી તેમના તમામ પરિવારોની માહિતી લેવામાં આવી છે અને જરૂરી સૂચનાઓ આપવામાં આવી છે.)*
ગઈકાલે બોઈંગ 787-8 વિમાન ક્રેશ થયું હતું જેમાં 12 ક્રૂ સભ્યો સહિત 241 લોકોના મોત થયા હતા. અમદાવાદથી લંડનના ગેટવિક એરપોર્ટ પર જઈ રહેલું વિમાન એરપોર્ટ પરથી ઉડ્ડયન બાદ તરત જ અમદાવાદના મેઘાણીનગર નજીક બી જે મેડિકલ કોલેજ પાસેના સંકુલમાં તૂટી પડ્યું હતું.

. . . . . . . .

## DVR

ગુજરાત ATS ને વિમાનના કાટમાળમાંથી એક DVR મળ્યું છે. તેને ફોરેન્સીક તપાસ માટે મોકલવામાં આવ્યું છે. ANI ના જણાવ્યા મુજબ આ DVR શેનું છે, તે હજી સ્પષ્ટ નથી. ફોરેન્સીક નિષ્ણાતો તપાસ કરીને તે અંગે માહિતી પૂરી પાડશે.

. . . . . . . .

## RUPANI FINAL RITES

અમદાવાદ વિમાન દુર્ઘટનામાં મૃત્યુ પામેલા ભૂતપુર્વ મુખ્યમંત્રી વિજય રૂપાણીની અંતિમ વિધિ રાજકોટ ખાતે થશે. સ્વર્ગસ્થ રૂપાણીનો પુત્ર ઋષભ આવતી કાલે સવારે 4 વાગ્યે સ્વદેશ પરત ફરે ત્યારબાદ તેમનાં DNA મેચ થયા બાદ સમગ્ર પરિવાર રાજકોટ આવશે.

અમદાવાદ જિલ્લાના અમારા પ્રતિનિધિ જણાવે છે કે, આશરે ત્રણ દિવસ બાદ સ્વર્ગસ્થ રૂપાણીની અંતિમ વિધિ થવાની શક્યતા છે.

રાજકોટ જિલ્લાના અમારા પ્રતિનિધી જણાવે છે કે, સ્વર્ગસ્થ રૂપાણીનાં પત્ની અંજલીબેન બે દિવસ પહેલા જ લંડન ગયા હતા. વિમાન દુર્ઘટનાની જાણ થતાં તેઓ આજે સવારે અમદાવાદ પરત ફર્યા હતા.

રાજકોટમાં રહેતા 73 વર્ષના મુક્તાબેન બચુભાઈ ડાંગર અને વરિષ્ઠ એડવોકેટ નરસીભાઇ સગપરિયા પણ આ વિમાનમાં સવાર હતા. મૃતકોના પરિવારજનો ડીએનએ ટેસ્ટ સહિતની અન્ય કાર્યવાહી માટે અમદાવાદ પહોંચી ગયા છે.

. . . . . . . . . .

## CIVIL DR RAKESH JOSHI

અમદાવાદમાં વિમાન દુર્ઘટના બાદ ઈજાગ્રસ્ત થયેલા લોકોની સિવિલ હૉસ્પિટલમાં સારવાર ચાલી રહી છે. મળતી માહિતી મુજબ, ઈજાગ્રસ્તોમાંથી મોટા ભાગના લોકો જોખમથી બહાર છે. વર્તમાન સ્થિતિ અંગે હૉસ્પિટલના સુપરિન્ટેન્ડન્ટ ડૉક્ટર રાકેશ જોષીએ કહ્યું, આરોગ્ય વિભાગ અને સિવિલ હૉસ્પિટલે સમગ્ર ઈમરજન્સીની સ્થિતિને કાબૂમાં લીધી. હાલમાં હૉસ્પિટલમાં 32 ઈજાગ્રસ્તો દાખલ છે. હૉસ્પિટલમાં સારવાર માટેની પૂરતી વ્યવસ્થા હોવાનું પણ શ્રી જોષીએ જણાવ્યું.

. . . . . . . .

## DEADBODY POSTMORTEM

અમદાવાદની વિમાન દુર્ઘટના અંગે અમારા પ્રતિનિધિ જણાવે છે, અમદાવાદની સિવિલ હૉસ્પિટલમાં અત્યાર સુધી 27 મૃતદેહના પૉસ્ટમોર્ટમ કરાયા અને છના મૃતદેહ તેમના પરિવારજનોને સોંપવામાં આવ્યા. જ્યારે D.N.A. પરીક્ષણની પૂરજોશમાં કામગીરી ચાલી રહી છે.

. . . . . . . .

## KHEDA DEATH

ગઈકાલ અમદાવાદની વિમાન દુર્ઘટનામાં ખેડા જિલ્લાના 17 મુસાફરોના મોત થયા છે. તમામ મૃતક નાં પરિવારજનો માં શોક ની લાગણી છવાઈ છે તમામ મૃતક નાં પરિવાર નાં સભ્યો નાં DNA લેવાઈ ગયા છે.. પરિવારજનોની આંખમાંથી આંસુ અટકી નથી રહ્યા.

કેટલાંક મુસાફરોએ એરપોર્ટ પર લીધેલી તસવીરો અંતિમ તસવીર બનીને રહી ગઈ છે. જ્યારે કેટલાકની આ હવાઈ મુસાફરી પહેલી હતી જે અંતિમ મુસાફરી બની ગઈ હતી..જ્યારે પરિવારના મોભી ગુમાવનારા પરિજનોને પણ અત્યંત વ્યથિત છે..

. . . . . . . .

## RELIEF WORK

અમદાવાદ વિમાન દુર્ઘટનાગ્રસ્ત વિસ્તારમાં રાહત અને બચાવની કામગીરી પૂરજોશમાં ચાલી રહી છે. ત્યારે અનેક સેવાભાવી સંસ્થાઓ અને લોકો પણ સેવાકીય કાર્યમાં જોડાયા છે. સેવામાં જોડાયેલા શિવમભાઈએ વધુ માહિતી આપી.

. . . . . . . .

## REACTION ON INCIDENT

અમદાવાદમાં ઍર ઈન્ડિયા વિમાન દુર્ઘટનામાં સંજના પાલખીવાલા નામની એક યુવતીએ પણ જીવ ગુમાવ્યો છે. તેમણે ફ્લાઈટમાં બેસતાં પહેલાં પરિવારજનોને છેલ્લો સંદેશ મોકલ્યો હતો. આ અંગે મૃતકના પરિવારજનોના નજીકના વ્યક્તિ સંજીવ છાજેર વધુ માહિતી આપી.

. . . . . . . .

## RAHAT KAMGIRI

વિમાન દુર્ઘટનાના અસરગ્રસ્તો માટે B.A.P.S. સંસ્થા દ્વારા પ્રાર્થના અને રાહત સેવા શરૂ કરવામાં આવી છે. આ પ્રસંગે પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજ અને B.A.P.S. સ્વામિનારાયણ સંસ્થાના સંતો-હરિભક્તોએ અસરગ્રસ્તો માટે પ્રાર્થના કરી છે. દિવંગત આત્માઓને શાંતિ પ્રાપ્ત થાય, તેમના સ્વજનોને આ આપત્તિ જીરવવાનું આત્મબળ પ્રાપ્ત થાય, ઈજાગ્રસ્તો વહેલામાં વહેલી તકે સ્વસ્થ બને તે માટે સૌએ પ્રાર્થના કરી છે.

. . . . . . . .

## CONGRESS PROGRAM CANCELED

દેશ અને દુનિયાને હચમચાવી નાંખનારી અમદાવાદની વિમાન દુર્ઘટનાને કારણે લોકો આઘાતમાં છે. ત્યારે કોંગ્રેસે પણ પોતાના તમામ કાર્યક્રમો એક અઠવાડિયા માટે સ્થગિત કરીને શોક વ્યક્ત કર્યો છે. પૂર્વ મુખ્યમંત્રી વિજય રૂપાણીના અવસાનને કારણે પણ રાજકોટમાં શોક છે ત્યારે કોંગ્રેસે પણ આ શોક જાહેર કરીને પોતાના તમામ કાર્યક્રમો રદ કરી દીધા છે. જ્યારે અમદાવાદમાં પાલડી સ્થિત કોંગ્રેસ કાર્યાલય ખાતેથી કોચરબ આશ્રમ સુધીની કેન્ડલ માર્ચ યોજીને મૃતકોને શ્રધ્ધાંજલી અર્પશે.

. . . . . . . .